# Visit of President-Elect of the 76th General Assembly of the United Nations and Minister of Foreign Affairs of Maldives to India (July 22-24, 2021)

July 21, 2021

---

# યુનાઈટેડ નેશન્સની 76મી જનરલ એસેમ્બલીના ચૂંટાયેલા પ્રમુખ તથા માલદિવ્સના વિદેશ બાબતોના મંત્રીની ભારતયાત્રા (જુલાઈ 22-24, 2021)

જુલાઈ 21, 2021

1. ભારતના વિદેશમંત્રી ડો. એસ. જયશંકરના આમંત્રણ પર યુનાઈટેડ નેશન્સની 76મી જનરલ એસેમ્બલીના ચૂંટાયેલા પ્રમુખ તથા માલદિવ્સના વિદેશ બાબતોના મંત્રી મહામહિમ અબ્દુલ્લા શાહીદ 22-24 જુલાઈ 2021ના રોજ ભારતની મુલાકાતે આવશે.

2. આ મુલાકાત દરમિયાન જનરલ એસેમ્બલીના ચૂંટાયેલા પ્રમુખ વડાપ્રધાન સાથે એક સૌજન્ય મુલાકાત કરશે અને વિદેશમંત્રી સાથે મહત્ત્વના આંતરરાષ્ટ્રીય, બહુસ્તરીય, પ્રાદેશિક અને પરસ્પર હિતના દ્વિપક્ષીય મુદ્દાઓ પર મંત્રણા કરશે. વિદેશ મંત્રી મુલાકાતી મહાનુભવના માનમાં એક સત્તાવાર ડિનરનું પણ આયોજન કરશે.

3. જનરલ એસેમ્બલીના નવા ચૂંટાયેલા પ્રમુખ યુએનજીએ પ્રેસિડન્સી અંગે પોતાનું વિઝન 23 જુલાઈએ નવી દિલ્હીના સપ્રુ હાઉસ ખાતે ઇન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સ (આઈસીડબલ્યુએ) પરિસરમાં " પ્રેસિડન્સી ઓફ હોપઃ કોવિડ પેન્ડેમિક એન્ડ નીડ ફોર રિફોર્મ્ડ મલ્ટિલેટરલિઝમ" મથાળા સાથેના વર્ચ્યુઅલ જાહેર વક્તવ્ય દ્વારા રજુ કરશે.

4. જનરલ એસેમ્બલીના ચૂંટાયેલા પ્રમુખની મુલાકાત યુનાઈટેડ નેશન્સ હાલમાં જેનો સામનો કરી રહ્યું છે તે કેટલાક વૈશ્વિક પડકારો અંગે તેમની સાથે વિચારોના આદાનપ્રદાનની તક પૂરી પાડશે. તે બહુસ્તરીયતા જાળવવા આ પ્રશ્નોનો સામનો કરવામાં યુએનના નેતૃત્વ અંગે માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચારની એક તક પૂરી પાડશે.

5. 7 જૂન 2021ના રોજ ચૂંટાયા પછી મહામહિમ અબ્દુલ્લા શાહિદ જનરલ એસેમ્બલીના ચૂંટાયેલા પ્રમુખ તરીકે સત્તાવાર ક્ષમતામાં મુલાકાત લઈ રહ્યા હોય તેવો ભારત પ્રથમ દેશ હશે.

6. જનરલ એસેમ્બલીના નવા ચૂંટાયેલા પ્રમુખે છેલ્લે એપ્રિલ 2021માં માલદિવ્સના વિદેશમંત્રી તરીકે ભારતની મુલાકાત લીધી હતી. ભારતની નેબરહૂડ ફર્સ્ટ પોલિસી અને વડાપ્રધાનના સાગર વિઝન હેઠળ માલદિવ્સ કેન્દ્રિય ભૂમિકા ધરાવે છે. બંને મંત્રીઓ બંને પક્ષને લગતા તમામ દ્વિપક્ષીય મુદ્દાઓની સમીક્ષા કરશે. બંને દેશો વચ્ચે ઝડપથી ગાઢ બની રહેલા સંબંધોને આ મંત્રણા નવી ગતિ આપે તેવી અપેક્ષા છે. માલદિવ્સમાં ભારતની મદદથી અમલમાં મુકવાના હાઇ ઈમ્પેક્ટ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પર પણ આ મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**જુલાઈ 21, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.